# વલસાડની ટ્રાફિક સમસ્યા દૂર થશે

**વલસાડમાં** રૂપિયા 85 કરોડના ખર્ચે તૈયાર થયેલા ઓવરબ્રિજનું લોકાર્પણ



વલસાડ : ટ્રાફિકથી વ્યસ્ત રહેતા ધરમપુર રોડ ઉપરના એકમાત્ર રેલવે ઓવરબ્રિજ ઉપર અને સમાંતર જ મલ્ટી લેવલ ઓવરબ્રિજ નિર્માણ અંતમપુર તરફના ઓવરબ્રિજના લોકર્પણ બાદ શનિવારે રૂપિયા 85 કરોડના ખર્ચે તૈયાર થયેલ અતુલ તરફના ઓવરબ્રિજનું લોકાર્પણ નાણામંત્રી કનુભાઈ દેસાઈએ કર્યું હતું. સાંસદ અને લોકસભા દંડક ધવલ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનમાં વિકાસ ચરમસીમાએ છે. તેમણે ઉમેર્યું કે, વલસાડ તરફથી જે પણ વિકાસન કામ માટેની પ્રપોઝલ આવશે તેને પૂર્ણ કરાશેનું જણાવ્યું હતું. સાંસદ ધવલ પટેલે જણાવ્યું કે, નવા વસિયર રેલવે ઓવરબ્રિજને કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી બનશે. તેમણે ઉમેર્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સંકલનના પગલે ગુજરાત અને વલસાડનો વિકાસ સતત આગળ વધી રહ્યો છે. મહત્વપૂર્ણ છે કે, વલસાડ શહેરની મધ્યમાંથી રેલવે લાઈન પસાર થાય છે. આથી એક તરફથી બીજી તરફ જવા માટે અગાઉનો જુનો રેલવે ઓવરબ્રિજ અપૂરતો હોવાથી શહેરમાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. જોકે હવે નવા વશિયર રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરતાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને આ નવી સુવિધાને કારણે લોકોને મોટી રાહત થશે.

### ઓવરબ્રિજથી શું ફાયદો થશે

વલસાડ જિલ્લાનું હેડ ક્વાર્ટર હોઈ જિલ્લા કક્ષાની તમામ વિભાગોની મુખ્ય કચેરીઓ, જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ, મેડિકલ કોલેજ સહિત ઇજનેરી કોલેજ, ડિપ્લોમાં કોલેજ, રેલવે સ્ટેશન વલસાડમાં હોય જિલ્લાભરમાંથી હજારો વાહનો વલસાડમાં આવે છે. જે માટે રેલવે ઓવરબ્રિજ જ એકમાત્ર આવાગમન માટેનો મહત્વનો સ્ત્રોત હતો. જોકે તે સાંકડો હોય વાહનોની વધતી સંખ્યાને જોતા નવા ઓવરબ્રિજની આવશ્યકતા વર્તાઈ રહી હતી. જોકે હવે મલ્ટી લેવલ ઓવરબ્રિજ નિર્માણ થકી ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ અને સમયનો બગાડ અટકી જશે.

# બલીઠા રેલવે અંડરપાસથી લોકોની સમસ્યા હલ થશે :મંત્રી

**વાપીમાં** નાણાં મંત્રીના હસ્તે રૂપિયા 19.71 કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે અંડરપાસનું લોકાર્પણ



વાપી : વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં બલીઠા પાસે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂપિયા 19.71 કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે અંડરપાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે વાપી મહાનગરપાલિકાના રૂપિયા 32.23 કરોડના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને રૂપિયા 25.39 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ પ્રસંગે કનુભાઈએ કહ્યું હતું કે, આ અંડરપાસ બનવાથી શહેરીજનોની ઘણા સમયની રાહનો અંત આવ્યો છે. શહેરીજનોની ટ્રાફિક સમસ્યાઓ આ અંડરપાસ બનવાથી હલ થશે. પીવાના પાણી માટે ડુંગરામાં વ્યવસ્થા કરી હતી તે પ્રોજેક્ટ પણ એપ્રિલ સુધીમાં પૂર્ણ થઈ જશે તેથી પાણીની સમસ્યા પણ હંમેશા માટે ઉકેલાઈ જશે. મહાનગરપાલિકામાં ઉમેરાયેલા ગામોમાં ત્રણ વર્ષ સુધી કોઈ જ ટેક્સ વધારો કરવામાં આવ્યો નથી. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન ગુજરાતમાં શહેરોના વિકાસ માટે મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની શરૂઆત કરાવી હતી. જેના કારણે અનેક શહેરોનો ખૂબ વિકાસ થયો છે અને હવે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ષ 2025માં આ યોજનાના 20 વર્ષ પૂર્ણ થવાના અવસરે શહેરી વિકાસ વર્ષ જાહેર કરીને રૂપિયા 30 હજાર કરોડ સમગ્ર ગુજરાતના શહેરોના વિકાસ માટે વાપર્યા છે.

વલસાડના સાંસદ ધવલભાઈ પટેલે અંડરપાસની સુવિધા માટે અભિનંદન પાઠવ્યા હતા. વાપી મહાનગરપાલિકા કમિશનર યોગેશ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કરી સૌને આવકાર્યા હતાં.

કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર આસ્થા સોલંકી, વાપી શહેર ભાજપ પ્રમુખ મનિષ દેસાઈ, વાપી તાલુકા ભાજપ પ્રમુખ સમય પટેલ, વીઆઈએ પ્રમુખ સતીષભાઈ પટેલ અને માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જતિન પટેલ સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

### ગુજરાત સરકાર દ્વારા વાપી મનપાને નવી બે ફાયર ગાડીઓની ભેટ



ગુજરાત સરકાર દ્વારા વાપી મહાનગરપાલિકાને બે ફાયર નવી ગાડીઓની ભેટ મળી છે. આ બંને ફાયર ગાડીઓ પૈકી એક ફાયર ગાડી 27 મીટર ઊંચાઈ સુધી ફાયર ટીમ પહોંચી શકે છે. આ ફાયર ગાડીની કિંમત આશરે 7 કરોડ 10 લાખ છે. જ્યારે બીજી ફાયર ગાડી જેને ફોમ ટેન્ડર તરીકે ઓળખાય છે તેની કિંમત આશરે 2 કરોડ જેટલી છે. કોઈક કેમિકલ કંપનીમાં કે અન્ય કોઈ સ્થળે આગની ઘટના ઘટે છે ત્યારે આ ફોમ ટેન્ડર ઉપયોગી નિવડશે. આમ, ગુજરાત સરકાર દ્વારા રૂ.9.10 કરોડની ફાયર ગાડીઓની ભેટ મનપાને આપવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શબ્દો એ તમારા જીવનનો ‘એક્સરે’ છે : પદ્મદર્શનસૂરિજી



સુરત : ગણદેવી સ્થિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથ શ્વે. મૂ.પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ મુનિ ભગવંતોની પુનિત પધરામણી થઇ હતી. આ રુડા અવસરે પ્રવચન પ્રસાદી પાઠવતાં પૂ. આચાર્ય પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે કહ્યું હતું કે. જીવનને નંદનવન બનાવવા માટે શબ્દ, સ્વભાવ, સંસ્કાર, સદ્ગુણ અને સંપત્તિનું સૌન્દર્ય હોવું જોઇએ. કોઇપણ વ્યક્તિના શબ્દો દ્વારા એની ઓળખ થાય છે. શબ્દો શણગારી શકે અને શબ્દો સળગાવી પણ શકે છે. દ્રૌપદીના કટુ શબ્દોથી મહાભારતનો મહા સંગ્રામ ખેલાયો હતો. શબ્દો એ તમારા જીવનનો ‘એક્સરે’ છે. હીતકારી અને મિતકારી શબ્દો જીવનને ઉર્ધ્વગામી બનાવે છે. શબ્દોને હાથ-પગ નથી છતાં પ્રચંડ તાકાત છે.

### અમલસાડ આહીરવાસ નજીક દીપડો પાંજરે પુરાયો




બીલીમોરા : ગણદેવી વન વિભાગે અમલસાડ આહીરવાસ મદા તળાવ નજીક શુક્રવાર સાંજે ભીખુભાઇ મકનભાઈ આહીરની વાડીમાં મરઘાનું મારણ મુકી પાંજરું ગોઠવ્યું હતું. જેમાં શનિવાર મળસ્કે ૩ થી ૪ કલાકનાં અરસામાં ૪ થી ૪.૫ વર્ષનો દીપડો પાંજરે પુરાયો હતો. જેને જોવા ગ્રામજનોનાં ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. અમલસાડના માજી સરપંચ નિલેશ નાયકે વન વિભાગને જાણ કરતા વનવિભાગે દીપડાનો કબ્જો લઈ એંધલ વન ડેપો જવા રવાના થયા હતા. જ્યાં દીપડાનું મેડિકલ ચેક અપ કરાવી મોડી રાત્રે જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરાશે. ગણદેવી વન વિભાગને એક બાદ એક કુલ ચાર સફળતા મળી છે. જેમાં ગણદેવાનાં હવાડીયા ફળીયા બાદ વલોટીનાં કઢાણીયા ફળીયા અને બીગરીનાં દઢોરા ફળીયા બાદ હવે અમલસાડથી દીપડો પકડાયો છે.

### ખેરગામમાં રાહુલ ગાંધીના પૂતળાનું દહન



ખેરગામ : દિલ્હીમાં આયોજિત ભારતની પ્રતિષ્ઠિત ઈન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિતિ 2026 માં વિઘ્ન ઊભું કરી ભારતની વૈશ્વિક છબી ખરડવાનો પ્રયાસ કરનાર યુથ કોંગ્રેસના કાર્યકરો તેમજ રાહુલ ગાંધીની દેશ વિરોધી માનસિકતાના વિરોધમાં ખેરગામ ગાંધી સર્કલ ઉપર શુક્રવારે સાંજે 7 વાગ્યે નવસારી જિલ્લા ભાજપ યુવા મોરચાના કાર્યકરો તાલુકા ભાજપ અગ્રણીઓ મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને સૂત્રોચ્ચાર સાથે રાહુલ ગાંધીનું પૂતળું સળગાવી ભાજપ કાર્યકરોએ રોષ વ્યક્ત કર્યો હતો. જેમાં નવસારી જિલ્લા ભાજપ મહામંત્રી ડો.લોચન શાસ્ત્રી, નવસારી જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ વિશાલ પટેલ, યુવા મોરચાના મહામંત્રી ઉમંગ દેસાઈ, નવસારી જિલ્લા આદિજાતિ મોરચાના પ્રમુખ સંજય બિરારી, ખેરગામ તાલુકા ભાજપ પ્રમુખ લીતેશ ગાવીત, મહામંત્રી ચેતનભાઈ, વિજયભાઈ, તાલુકા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

# દમણમાં ગેરકાયદે બાંધકામને કાયદેસર કરવા માટે જાહેરનામું

**1 લી** જાન્યુઆરી 2023 સુધીમાં નીતિ નિયમોનું ઉલ્લંઘન કરીને ચણી દેવાયેલા બાંધકામોને ફી ચૂકવી કાયદેસર કરવામાં આવશે

### ગેરકાયદે બાંધકામને કાયદેસર કરવા કેટલી ફી ચૂકવવી પડશે

| બાંધકામ વિસ્તાર | નિર્ધારિત કરેલી ફી |
|---|---|
| 1. 50 ચો. મીટર સુધી | 3 હજાર રૂપિયા પ્રતિ ચો.મી. |
| 2. 50 થી 100 ચો. મી. સુધી | 6 હજાર રૂપિયા પ્રતિ ચો.મી. |
| 3. 100 થી 200 ચો. મી. સુધી | 12 હજાર રૂપિયા પ્રતિ ચો.મી. |
| 4. 200 થી 300 ચો. મી. સુધી | 18 હજાર રૂપિયા પ્રતિ ચો.મી. |
| 5. 300 ચો. મી. થી વધુ | 18,150 રૂપિયા પ્રતિ ચો.મી. લેખે |

દમણ : સંઘપ્રદેશ દમણમાં નગરપાલિકા વિસ્તારમાં 1 લી જાન્યુઆરી 2023 સુધીના જેટલા પણ ગેરકાયદે બાંધકામ ચણી દેવામાં આવ્યા છે તેમને જરૂરી ફી ચૂકવ્યા બાદ કાયદેસર કરવામાં આવશે. આ માટે 6 મહિનાનો સમય પણ જારી કરવામાં આવ્યો છે.

દમણ નગરપાલિકા હદ વિસ્તારમાં અગાઉ નીતિ નિયમોનું ઉલ્લંઘન કરીને ઠેરઠેર ગેરકાયદે મકાનો અને બિલ્ડીંગો તાણી બાંધવામાં આવી હતી. જો કે, દમણ પ્રશાસન દ્વારા આવા ગેરકાયદે રીતે તાણી બાંધવામાં આવેલા મકાનો અને બિલ્ડીંગોને કોઈપણ સંજોગોમાં રક્ષણ ન આપી સમયાંતરે જરૂરી કાર્યવાહી કરતાં લોકોના કરોડો રૂપિયા સલવાયા હતાં. આ માટે છેલ્લા ઘણા લાંબા સમયથી ગેરકાયદે બાંધકામને કાયદેસર કરવા માટે અનેક રજૂઆત પ્રશાસન સમક્ષ આવી હતી. પરંતુ આ ગેરકાયદે બાંધકામમાં કોઈપણ પ્રકારની ઢીલાસ પ્રશાસને ન ચલાવતા ઈમારતો શોભાના ગાંઠિયા સમાન બની જવા પામી હતી. જો કે, હવે આ અંગે પ્રશાસને લોકોની વાતોને ધ્યાન પર લીધું હોય એમ હવે ગેરકાયદે બાંધકામને કાયદેસરની માન્યતા મળે અને સરકારની આવક પણ ઉભી થાય એવા આશય સાથે વન ટાઈમ સેટલમેન્ટ માટેની યોજના અંગે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. અગાઉ ગત જાન્યુઆરી મહિનામાં આ અંગે જરૂરી વાંધા સૂચનો પણ પ્રશાસન દ્વારા મંગાવવામાં આવ્યા હતાં. જેમાં ચાર જેટલી અરજીઓનાં યોગ્ય નિરાકરણ આવ્યા બાદ આ અંગે પેટા નિયમો બનાવવામાં આવ્યા છે.

જેમાં પાર્કિંગ, પ્લાનમાં મંજૂરી વગર કરેલા ફેરફારો, એફ.એસ. આઈ., ઊંચાઈ તેમજ માર્જિન જેવી બાબતમાં બાંધછોડ કરી હશે તેવા લોકોને જ ફક્ત આવરી લેવામાં આવશે. જ્યારે જળ સ્ત્રોત, સી.આર.ઝેડ, સરકારી જગ્યા, ખેતીની જમીન, એફ.એસ. આઈ.નો ભંગ તથા જોખમી બાંધકામો સહિતના કિસ્સાઓમાં કાયદેસરતા પ્રાપ્ત થઈ શકશે નહીં.

### સરીગામની કેમિકલ કંપનીમાં આગ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરીગામ જીઆઈડીસીમાં આવેલી Satol Chemicals નામની કંપનીમાં રાત્રે આગની ઘટના બની હતી. જેના પગલે દોડધામ મચી ગઈ હતી. તુરંત ઘટના સ્થળે દોડી આવેલા ફાયર ફાઈટરની ટીમે આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. જેના કારણે મોટું નુકસાન થતા અટક્યું હતું.

### પારડીના મોતીવાડા ગામે ઘરમાંથી સોનાની ચેઇન ચોરી

પારડી : પારડી મોતીવાડા ગામે ઘરમાંથી રૂપિયા 40 હજારની કિંમતની સોનાની ચેન ચોરી કરી ચોર ફરાર થઈ ગયો હતો. પારડી તાલુકાના મોતીવાડા હળપતિવાસમાં રહેતા ચંદુભાઈ રવજીભાઈ નાયક ગત 21 જાન્યુઆરીના રોજ ટેલરની દુકાનમાં રાબેતા મુજબ ગયા હતા અને તેના પત્ની નોકરી પર અને પુત્રી શાળાએ ગઈ હતી. જે બાદ સાંજે ઘરે આવીને જોતા ઘરનો મેઈન દરવાજો બંધ હાલતમાં હતો અને પાછળના ભાગે બારીનો કાચ તૂટેલો હતો અને લોખંડનો કબાટ ખુલ્લો તથા સરસામાન વેરવિખેર પડેલો જોવા મળ્યો હતો. કબાટમાં મૂકેલી સોનાની ચેન આશરે એક તોલા જેની કિંમત રૂપિયા 40 હજારની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યુ હતું. આ ચોરી અંગેની ફરિયાદ પારડી પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

### દીકરીઓની સુરક્ષા-સન્માન માટે દાનહ સ્વૈચ્છિક બંધ




■ વાપી : દાદરા અને નગર હવેલી વિસ્તારમાં સ્થાનિક સમાજ એકતા મંચના આહ્વાન પર 21 ફેબ્રુઆરી, 2026ના રોજ દીકરીઓ અને મહિલાઓની સુરક્ષા તથા સન્માનના મુદ્દે સ્વૈચ્છિક અને શાંતિપૂર્ણ બંધ પાળવામાં આવ્યો હતો. સમગ્ર વિસ્તારમાં બંધની વ્યાપક અસર જોવા મળી હતી. મંચ દ્વારા તમામ સમાજોને એકતા, ભાઈચારો અને શાંતિ જાળવી આ અભિયાનને સમર્થન આપવા અપીલ કરવામાં આવી હતી. પ્રસ્તાવિત રેલીને વહીવટીતંત્ર દ્વારા મંજૂરી ન મળતા તેને રદ કરવામાં આવી હતી. છતાં વિસ્તારભરમાં પૂર્ણ બંધની સ્થિતિ જોવા મળી હતી. સેલવાસથી લઈને ડોકમરડી, આમલી, ટોકરખાડા, રખોલી અને ખાનવેલ સુધી બજારો અને દુકાનો બંધ રહી હતી. મુખ્ય માર્ગો ઉપર પોલીસ બંદોબસ્ત તૈનાત રાખવામાં આવ્યો હતો અને સમગ્ર સ્થિતિ સંપૂર્ણ શાંતિપૂર્ણ રહી હતી. મંચે વેપારીઓ અને નાગરિકોને સ્વૈચ્છિક રીતે પોતાના પ્રતિષ્ઠાનો બંધ રાખી સમર્થન આપવા અપીલ કરી હતી, જેને વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. પોલીસે કેટલાક અગ્રણીઓને અટકમાં લીધા હતા. આખો દિવસ બંધ શાંતિપૂર્ણ રહ્યો હતો.

# વાપીમાં ચોરી કરતી ‘વડારી ગેંગ’નો પર્દાફાશ

**વાપીના વિવિધ** પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનાઓ ઉકેલાયા

વાપી : વાપીના ચલા અને સલવાવમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ વલસાડ એલસીબીએ ઉકેલી કાઢ્યો છે. મહારાષ્ટ્રની વડારી ગેંગ’ના સૂત્રધારની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ત્રણ સાગરીતોને વોન્ટેડ જાહેર કરાયા છે.

ચલા અને સલવાવના બંધ મકાનોમાંથી કુલ 3,04,566 ની મતાની ચોરી થઈ હતી. વલસાડ પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને એલસીબી પીઆઈ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરાઈ હતી. પોલીસે બાતમીના આધારે મહારાષ્ટ્રના વરોરાથી અનિલ ઉર્ફે કુંભકરણ યેલાજી લોનારે ને ઝડપી તેની પાસેથી મોબાઈલ કબજે કરી આગળની તપાસ માટે વાપી ટાઉન પોલીસને સોંપવામાં આવ્યો છે.

### ગુનાહિત ઇતિહાસ અને વોન્ટેડ આરોપીઓ

શેરાઅલી સૈયદ: ૫ ગુના
વેંકટેશ રાઉત: ૧૬ ગુના (વોન્ટેડ)
ચંદુ ઉર્ફે ક્રિષ્ણા બતકલ: ૧૨ ગુના (વોન્ટેડ)

આ કામગીરીથી વાપી ટાઉન, ડુંગરા, પારડી અને દમણના કચીગામ પોલીસ મથકના ગુનાઓ ઉકેલવામાં સફળતા મળી છે. પૂછતાછમાં જાણવા મળ્યું કે આ ગેંગના સભ્યોએ એક મહિના અગાઉ વાપીમાં ધામા નાખ્યા હતા. ગેંગના સભ્ય વેંકટેશે વાપીથી નોટરી કરાવી બાઈક ખરીદી હતી. તેઓ દિવસ દરમિયાન વાપી, પારડી, ડુંગરા અને દમણના વિસ્તારોમાં રેકી કરતા અને રાત્રિના સમયે બંધ મકાનોના તાળા તોડી રોકડ તથા દાગીનાની ચોરી કરી ફરાર થઈ જતા હતા. ઝડપાયેલા અનિલ સામે મહારાષ્ટ્રમાં ૧૪ ગુનાઓ નોંધાયેલા છે.

# SIA ની કમિટી મેમ્બરોની ચૂંટણી માટે 13 ઉમેદવાર

**8 જણાએ** ઉમેદવારી પરત ખેંચી અને 1 ફોર્મ રીજેક્ટ થયું

ઉમરગામ : સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણીમાં પ્રમુખ તરીકે કૌશિકભાઈ પટેલ બિનહરીફ બન્યા છે. કમિટી મેમ્બરો માટે કુલ 22 જણાએ ફોર્મ ભર્યા હતા તે પૈકી 8 જણાએ ઉમેદવારી પરત ખેંચી અને 1 ફોર્મ રીજેક્ટ થતા હવે સરીગામ SIA ની 12 કમિટી મેમ્બરોની ચૂંટણી માટે 13 ઉમેદવારો મેદાનમાં રહેતા ચૂંટણી થશે.

સરીગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનની 6 માર્ચે યોજાનારી ચૂંટણીમાં પ્રમુખ તરીકે એકમાત્ર ફોર્મ કૌશિક પટેલે ભરતા તેઓ પ્રમુખ તરીકે બિનહરીફ બન્યા છે. આ તરફ કુલ 12 કમિટી મેમ્બરો માટે 22 જણાને ઉમેદવારી નોંધાવી હતી. 21 તારીખે શનિવારે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે 8 જણા ભાવિન પટેલ, ચિરાગ ઓઝા, ધ્રુવીન પટેલ, દિલીપ ભંડારી, જયંતી દામા, દિનેશ યાદવ, સેહુલ પટેલ અને સુશીલ કુમાર સિંગે ઉમેદવારી પરત ખેંચી લીધી હતી.કલ્પેશ ભગતનું ઉમેદવારી પત્ર રિજેક્ટ થતા 13 ઉમેદવારો પંકજ રાય, વિવેક દાજી, રાજેશ અઘેરા, કિશોર ગજેરા, રતિકાંત તિવારી, રાજેશ પંચાલ, આનંદ પટેલ, દેવાંગ શાહ, વિનોદ સિંગ, કમલેશ વસવાની, પ્રવીણ પટેલ, મુકેશ પટેલ, અને નીતિન ઓઝા ચૂંટણી મેદાનમાં છે.

આમ એક વધારેના ઉમેદવાર ચૂંટણી મેદાનમાં હોવાના લીધે સમરસ થતા રહી ગયું છે. આગામી 23 મી ફેબ્રુઆરીએ આખરી યાદી પ્રસિદ્ધ કરાશે.

# વિદ્યાર્થીઓના ભોજનમાં રાસાયણિક પદાર્થ !

**નાંધઈ** પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ભોજન પીરસતા અટકાવી ફૂડ વિભાગે નમૂના લીધા



ખેરગામ : ખેરગામના નાંધઈ પ્રાથમિક શાળામાં 243 માંથી 160 વિદ્યાર્થીઓ માટે નાયક ફાઉન્ડેશનનું ભોજન આવ્યું હતું. જે પૈકી ચણાચાટમાં કાપડની પોટલીમાં રાસાયણિક પદાર્થ જણાતાં વિદ્યાર્થીઓને ભોજન પીરસતા અટકાવ્યા હતાં. ઈન્ચાર્જ મામલતદાર સહિત ઉચ્ચ અધિકારીઓ શાળામાં દોડી આવ્યા બાદ ફૂડ વિભાગે નમૂના લીધા હતાં. નાંધઈની શાળામાં શનિવારે નાયક ફાઉન્ડેશનનું ભોજન આવ્યું હતું. જેમાં જીરા રાઈસ, ચણાચાટ અને સુખડી વિદ્યાર્થીઓને પીરસવાની તૈયારી ચાલી રહી હતી.

દરમ્યાન ચણાચાટનાં ડબ્બામાં એક કાપડની પોટલીમાં રાસાયણિક પદાર્થ નજરે ચઢતાં પ્રિન્સિપાલ સ્નેહાબેને બાળકોને ભોજન પીરસતા અટકાવી મામલતદાર તેમજ શિક્ષણાધિકારી કચેરીને જાણ કરતા ઈન્ચાર્જ મામલતદાર ભાવેશ પટેલ સહિતની ટીમે ધસી જઈ કાપડની પોટલીનું રસાયણ શંકાસ્પદ લાગતા ફૂડ વિભાગના અધિકારીઓને બોલાવ્યા હતાં. ફૂડ વિભાગે બધાની હાજરીમાં ચણાચાટનાં નમૂના લીધા હતાં. જેના પૃથ્થકરણ બાદ જ પોટલીનું રહસ્ય સામે આવશે.

### સેમ્પલ લઇ ચકાસણી હાથ ધરવામાં આવી છે

ખેરગામના ઇન્ચાર્જ મામલતદાર ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, મધ્યાહન ભોજનમાં આપવામાં આવેલા ચણાચાટમાં પદાર્થ જેવું નીકળતા નવસારી ફૂડ વિભાગને જાણ કરાતા તેમના દ્વારા સેમ્પલ લઇ ચકાસણી હાથ ધરવામાં આવી છે. સ્થળ ઉપર નાઈક ફાઉન્ડેશનના પ્રતિનિધિઓને પણ હાજર રાખવામાં આવ્યા હતા.

### કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

આ અંગે નવસારી જિલ્લાના ફૂડ સેફ્ટી ઓફિસર રૂચિબેને જણાવ્યું હતું કે, નાંધઇ પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજનમાં ચણાચાટમાં કપડામાં વીંટાળેલો પદાર્થ મળી આવ્યો હતો. જરૂરી સેમ્પલ લઇ લેબ પરીક્ષણ માટે મોકલવા માટેની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### નાયક ફાઉન્ડેશનના ભોજનની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ

નવસારી જિલ્લાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત 650 જેટલી પ્રાથમિક શાળાઓમાં નાયક ફાઉન્ડેશન દ્વારા બાળકોને મધ્યાહન ભોજન પૂરું પાડવામાં આવે છે. ભૂતકાળમાં પણ અનેક વખત નાયક ફાઉન્ડેશન દ્વારા પૂરા પાડવામાં આવતા ભોજનની હલકી ગુણવત્તા અને અનિયમિતતા સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે. વારંવારની ફરિયાદો છતાં વહીવટી તંત્ર કેમ આ સંસ્થા સામે કડક હાથે કામ નથી લેતું તે એક મોટો સવાલ છે.